### દેવગઢ બારીયામાં લક્ઝરી કાર કૌભાંડનો પર્દાફાશ

# પૂર્વ નગરપાલિકા પ્રમુખ નીલ સોનીની ધરપકડ કરાઈ

**કૌભાંડમાં** સંડોવાયેલા એક અન્ય મુખ્ય આરોપી હજુ ફરાર છે



(પ્રતિનિધિ) દાહોદ, તા.7
રાજ્યના સ્ટેટ મોનિટરિંગ સેલ (SMC) દ્વારા દાહોદ જિલ્લાના દેવગઢ બારીયામાં ચાલતા જૂની લક્ઝરી ગાડીઓના મોટા કૌભાંડનો પર્દાફાશ કરવામાં આવ્યો છે. આ કેસમાં નગરપાલિકાના પૂર્વ પ્રમુખ અને વર્તમાન કાઉન્સિલર નીલ સોનીની ધરપકડ કરવામાં આવતા રાજકીય તેમજ સ્થાનિક સ્તરે ભારે ચર્ચા જગાઈ છે. મળતી માહિતી મુજબ આશરે પાંચ મહિના પૂર્વે નોંધાયેલી ફરિયાદના આધારે SMC દ્વારા તપાસ તેજ કરવામાં આવી હતી. અગાઉ આ રેકેટમાં ઝડપાયેલા ત્રણ શખ્સોની પૂછપરછ દરમિયાન નીલ સોનીની સીધી સંડોવણી અને ભાગીદારી હોવાનું સામે આવતા પોલીસ દ્વારા તેમની ધરપકડ કરવામાં આવી છે. ઉલ્લેખનીય છે કે નીલ સોનીએ ભાજપ સામે બળવો કરીને નગરપાલિકામાં સત્તા મેળવી હતી, જેના કારણે આ કાર્યવાહી સ્થાનિક રાજકારણમાં પણ ચર્ચાનો વિષય બની છે. પોલીસે અગાઉ પાડેલા દરોડા દરમિયાન અંદાજે 8 જેટલી કિંમતી લક્ઝરી કાર જપ્ત કરી હતી. તપાસમાં સામે આવ્યું છે કે આ નેટવર્ક ચોરીની અથવા વિવાદિત ગાડીઓના દસ્તાવેજોમાં છેડછાડ કરી તેને વેચવાના મોટા રેકેટ સાથે જોડાયેલું હોઈ શકે છે. હાલમાં પોલીસે નીલ સોનીને કોર્ટમાં રજૂ કરી એક દિવસના રિમાન્ડ મેળવ્યા છે. સૂત્રોના જણાવ્યા મુજબ આ કૌભાંડમાં સંડોવાયેલા એક અન્ય મુખ્ય આરોપી હજુ ફરાર છે, જેને ઝડપી પાડવા અલગ-અલગ ટીમો કામ કરી રહી છે. આવનારા દિવસોમાં આ રેકેટના આંતરરાજ્ય કનેક્શન તેમજ અન્ય સફેદપોશ લોકોના નામ બહાર આવે તેવી શક્યતા વ્યક્ત કરવામાં આવી રહી છે.

## છોટાઉદેપુર પોલીસે તેરા તુજકો અર્પણ અંતર્ગત 16 મોબાઈલ પરત કર્યા

(પ્રતિનિધિ) છોટાઉદેપુર, તા.7
તેરા તુજકો અર્પણ" કાર્યક્રમ અંતર્ગત ગુમ થયેલ ૧૬ એન્ડ્રોઇડ મોબાઇલ ફોન જેની કુલ કિ.રૂ.૨,૬૬,૨૮૫/- ના શોધી કાઢી અરજદારોને પરત આપતી છોટાઉદેપુર પોલીસની કામગીરી કરી છે. છોટાઉદેપુર પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સપેક્ટર એ.આર.પ્રજાપતિ સર્વેલન્સ સ્ટાફ તથા IT EXPERT ટીમને અરજદારોના ગુમ થયેલ મોબાઈલ શોધી કાઢવા જરુરી માર્ગદર્શન અન્વયે CEIR પોર્ટલની મદદથી નાગરીકોના ગુમ થયેલ કુલ ૧૬ એન્ડ્રોઈડ મોબાઈલ ફોન જેની કુલ કિ.રૂ.૨,૬૬,૨૮૫/- નો મુદ્દામાલ અરજદાર/મુળ માલીકોને આજરોજ પરત કરવામાં આવ્યા હતા. પોલીસ પ્રજાનો મિત્ર છે તે સાબિત કરી પ્રસંશનીય કામગીરી કરવામાં આવી હતી.

### કલેક્ટર અને SDM દ્વારા ગેરકાયદેસર નાળુ તોડી પડાયું હતુ

# સંજેલી વોટરવર્કસ પાસે તોડી પડાયેલુ નાળું ભૂમાફિયા દ્વારા ફરી બનાવાયૂ

**સર્વે** નંબર 6 ની 8 ગુમઠા ખરાબાની જમીન માપણી કરી ફેન્સીંગ વાડ ઊભી કરી હતી તે પણ ગાયબ




(પ્રતિનિધિ) દાહોદ, તા.7
સંજેલી પંચાયતની વોટરવર્કસની સર્વે નંબર 6 જમીનમાં ગેરકાયદેસર દબાણ જિલ્લા કલેક્ટરની બાંધકામની મંજૂરી વિના રાતોરાત નાળુ બનાવી દેતા માહોલ ગરમાયો. આ બાબતે સ્થાનિક વહીવટી તંત્રની મિલીભગત હોય તેમ ચારેકોર ચર્ચાનો વિષય બનવા પામ્યો. ગેરકાયદેસર નાળુ બનતા કામ કેમ ના અટકાવ્યું? ગેરકાયદેસર કામ થતું હતું તંત્રને જાણ હોવા છતાં અંજાન હોવાનો ખેલ ખેલ્યો? સંજેલી તાલુકા નું વહીવટી તંત્ર આંખે પાટા બાંધી ફરતા હોય તેમ જોવાઈ રહ્યું છે. સંજેલી સંતરામપુર રોડ વોટરવર્કસ ની જમીન પર માથાભારે યુવક દ્વારા ગેરકાયદેસર નાળુ બનાવી દેતા વિવાદ સર્જાયો હતો. જે રજૂઆત સ્થાનિકથી લઇ જિલ્લા કક્ષાએ જાણ કરવામાં આવી હતી. જે બાદ પ્રાંત અધિકારી સહિત જિલ્લા કલેકટર ઘટના સ્થળે દોડી આવ્યા હતા. તાત્કાલિક નાળુ તોડવા માટે વહીવટી તંત્રને સૂચના આપવામાં આવી હતી. અને સર્વે નંબર છ ની ખરાબાની જગ્યા માપણી કરી હદ નિશાન કરવાની પણ કલેકટર દ્વારા પંચાયતને સૂચના આપવામાં આવી હતી જે બાદ સરવૈયા દ્વારા જમીનની માપણી કરી ફેન્સીંગ વાડ લગાવી દેવામાં આવી હતી.
તંત્ર દ્વારા આંખ આડા કાન કરવામાં આવ્યા અને રાતોરાત ફેન્સીંગવાડ ગાયબ અને નાળુ બનાવી દીધું. જાગૃત નાગરિકે ઉચ્ચકક્ષાએ રજૂઆત કરતા માહોલ ગરમાયો હતો.

# પંચમહાલમાં 181 અભયમ મહિલા હેલ્પલાઈનના 12 વર્ષ પૂર્ણ, હજારો મહિલાઓને મળ્યો સહારો

**આંતરરાષ્ટ્રીય** મહિલા દિવસે સેવા કાર્યની મહત્વપૂર્ણ સિદ્ધિ



(પ્રતિનિધિ) કાલોલ, તા.7
આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ 8 માર્ચના અવસરે 181 અભયમ મહિલા હેલ્પલાઈનને પંચમહાલ જિલ્લામાં સફળતાપૂર્વક 12 વર્ષ પૂર્ણ થયા છે. ગુજરાત સરકારના મહિલા અને બાળ વિકાસ વિભાગ, ગૃહ વિભાગ, રાજ્ય મહિલા આયોગ તથા EMRI ગ્રીન હેલ્થ સર્વિસના સંકલનથી 8 માર્ચ 2015ના રોજ આ હેલ્પલાઇન શરૂ કરવામાં આવી હતી, જે આજે મહિલાઓ માટે આશીર્વાદરૂપ સાબિત થઈ રહી છે. હેલ્પલાઈન શરૂ થયાથી ફેબ્રુઆરી 2026 સુધીના 12 વર્ષમાં રાજ્યભરમાં 18,19,913થી વધુ મહિલાઓને સલાહ, માર્ગદર્શન અને તાત્કાલિક સહાય પૂરી પાડવામાં આવી છે. ઉપરાંત અભયમ રેસ્ક્યૂ વાન દ્વારા 3,60,964થી વધુ મહિલાઓને ઘટના સ્થળે પહોંચી મદદ આપવામાં આવી છે, જ્યારે 2,29,660 જેટલા કિસ્સામાં સ્થળ પર જઈ રેસ્ક્યૂ કરી મહિલાઓને લાંબા ગાળાના કાઉન્સેલિંગ માટે સરકારી સંસ્થાઓ સુધી પહોંચાડવામાં આવી છે.
પંચમહાલ જિલ્લામાં હેલ્પલાઈન શરૂ થયા પછી અત્યાર સુધીમાં 68,757 જેટલા કોલ પ્રાપ્ત થયા છે,
જેમાંથી 13,079 કિસ્સાઓમાં ટીમે ઘટના સ્થળે પહોંચી મહિલાઓને જરૂરી માર્ગદર્શન અને બચાવ કામગીરી કરી છે. રાજ્યમાં મહિલાઓની સલામતી અને સુરક્ષા સુનિશ્ચિત કરવા માટે 181 અભયમ હેલ્પલાઈન હેઠળ કુલ 59 રેસ્ક્યૂ વાન 24 કલાક કાર્યરત છે.

## દાહોદ જિલ્લા કલેકટરના અધ્યક્ષ સ્થાને મહિલા દિવસની ઉજવણી અંગે બેઠક યોજાઈ

૧૦ માર્ચના રોજ ટ્રાયબલ મ્યુઝીયમ ખાતે આંતર રાષ્ટ્રીય મહિલા દિનની ઉજવણી કાર્યક્રમ યોજાશે

(પ્રતિનિધિ) દાહોદ, તા.7
૮ મી માર્ચના રોજ આંતર રાષ્ટ્રીય મહિલા દિન નિમિતે યુનાઈટેડ ઓર્ગેનાઈઝેશન (સંયુક્ત રાષ્ટ્ર સંસ્થા) દ્વારા મહિલાઓને માન-સન્માન આપવા, મહિલાઓની શક્તિ ઉજાગર કરવા, તેઓની ક્ષમતાને ઉત્સાહિત તેમજ પ્રેરિત કરવા દર વર્ષે અલગ-અલગ થીમ નિયત કરી સમગ્ર વિશ્વમાં ઉજવણી કરવામાં આવે છે. વર્ષ ૨૦૨૬ માટે ૮ મી માર્ચ આંતર રાષ્ટ્રીય મહિલા દિવસની થીમ " RIGHTS, JUSTICE, ACTION FOR ALL WOMEN AND GIRLS " સંયુક્ત રાષ્ટ્ર દ્વારા જાહેર કરવામાં આવી છે. આ દિવસે મહિલાલક્ષી વિવિધ યોજનાઓ-કાર્યક્રમો યોજવામાં આવશે. દાહોદ જિલ્લામાં ૧૦ માર્ચના રોજ ટ્રાયબલ મ્યુઝીયમ ખાતે આંતર રાષ્ટ્રીય મહિલા દિનની ઉજવણી કાર્યક્રમ યોજવામાં આવશે. આ બેઠક દરમ્યાન કલેકટર યોગેશ નિરગુડેએ સંબંધિત અમલીકરણ સૌ અધિકારીઓને આંતર રાષ્ટ્રીય મહિલા દિનની ઉજવણી કાર્યક્રમના આયોજન સંબંધિત જરૂરી માર્ગદર્શન આપવા સાથે સૂચનાઓ આપી હતી. આ બેઠક દરમ્યાન જિલ્લા વિકાસ અધિકારી સ્મિત લોઢા, ડી.આર.ડી.એ. નિયામક, પ્રાંત અધિકારીઓ, સંબંધિત અધિકારીઓ સહિત વર્ચ્યુઅલ માધ્યમ થકી તાલુકા અધિકારીઓ પણ ઉપસ્થિત રહ્યા હતા.

### ગોધરા-નાગદા રૂટ પર ટ્રેનોની ક્ષમતા તેમજ સુરક્ષામાં મોટો સુધારો

# દાહોદના મંગલમહુડી-અનાસ રેલખંડમાં ઓટોમેટીક બ્લોક સિગ્નલીંગ સિસ્ટમ શરૂ



(પ્રતિનિધિ) દાહોદ,, તા.7
પંચમહાલ જિલ્લાના પ્રભારી મંત્રી રમેશભાઈ કટારાના અધ્યક્ષસ્થાને કલેકટર કચેરી, ગોધરાના સભાખંડ ખાતે વર્ષ ૨૦૨૬-૨૭ માટેની પંચમહાલ જિલ્લા આયોજન મંડળની બેઠક યોજાઇ હતી. બેઠકના અધ્યક્ષ રમેશભાઈ કટારાની અનુમતિથી જિલ્લા આયોજન મંડળના સભ્ય સચિવ અને જિલ્લા આયોજન અધિકારી દ્વારા બેઠકના એજન્ડા મુજબ મુદ્દાવાર બેઠકની કાર્યવાહી શરૂ કરવામાં આવી હતી. આ બેઠકમાં ૧૫% વિવેકાધીન (તાલુકા કક્ષા અને નગરપાલિકા કક્ષા), બક્ષીપંચ જોગવાઇના તાલુકાવાર અને નગરપાલિકાવાર રજુ થયેલ આયોજન વંચાણે લઈ રજુ થયેલ વિકાસ કામો સરકારની માર્ગદર્શિકાને ધ્યાનમાં રાખીને મંજુર કરવામાં આવ્યા હતા. બેઠકમાં વિકેન્દ્રિત જિલ્લા આયોજનની વિવિધ જોગવાઇઓ અને એટીવીટી જોગવાઈના વર્ષ ૨૦૨૨-૨૦૨૩, વર્ષ ૨૦૨૩-૨૦૨૪ ,વર્ષ ૨૦૨૪-૨૦૨૫ તેમજ વર્ષ ૨૦૨૫ -૨૬ ના તેમજ MPLADs અંતર્ગત વર્ષ ૨૦૧૯-૨૦ થી ૨૦૨૩-૨૪ સુધીમાં શરૂ ન થયેલ તથા પ્રગતિ હેઠળના તમામ કામોની સબંધિત અમલીકરણ અધિકારીઓ સાથે વિગતવાર સમીક્ષા કરવામાં આવી હતી. જેમાં ગત વર્ષના બાકી કામો તાત્કાલિક પૂર્ણ કરવા તથા તેના ખર્ચનું ચુકવણું પણ નીયત સમયમર્યાદામાં કરવા સબંધિત અમલીકરણ અધિકારીઓને સુચના આપવામાં આવી હતી. આ બેઠકની શરૂઆત જિલ્લા કલેકટર અજય દહિયા દ્વારા બેઠકના અધ્યક્ષ મંત્રી રમેશભાઈ કટારાનું સ્વાગત કરી બેઠકમાં ઉપસ્થિત જિલ્લા આયોજન મંડળના ઉપાધ્યક્ષ અને જિલ્લા પંચાયત પ્રમુખ સહિત તમામ ઉપસ્થિત પદાધિકારી અને અધિકારીઓને આવકારીને કરવામાં આવી હતી.

## હાલોલના પ્રતાપપુરા પ્રાથમિક શાળા ખાતે રાજ્ય સરકારના સેવાસેતુ 2.0 કાર્યક્રમ અંતર્ગત ગ્રામ્ય સેવાસેતુ કેમ્પ



**હાલોલ :** હાલોલ તાલુકાના પ્રતાપપુરા પ્રાથમિક શાળા ખાતે આજે 7 મી માર્ચ ને શનિવારના રોજ રાજ્ય સરકારના સેવાસેતુ 2.0 કાર્યક્રમ અંતર્ગત ગ્રામ્ય સેવાસેતુ કેમ્પ ભાજપ પ્રદેશ ઉપાધ્યક્ષ અને હાલોલના ધારાસભ્ય જયદ્રથસિંહજી પરમારની અધ્યક્ષતામાં યોજાયો હતો. કાર્યક્રમમાં ઉપસ્થિત આગેવાનો દ્વારા સેવાસેતુ કાર્યક્રમની ઉપલબ્ધિઓ તથા સરકાર દ્વારા કરવામાં આવેલા વિકાસ કાર્યો અંગે માહિતી આપવામાં આવી હતી.આ પ્રસંગે આગેવાનો દ્વારા નાગરિકોને પોતાની સમસ્યાઓ સ્થળ ઉપર જ રજૂ કરી તેનો ઉકેલ મેળવવા અપીલ કરવામાં આવી હતી. સાથે સાથે આવનારી જિલ્લા અને તાલુકા પંચાયતની ચૂંટણીઓમાં કણજરી જિલ્લા પંચાયત બેઠક પર ભાજપને જંગી બહુમતીથી જીતાડવા માટે પણ લોકો ને અનુરોધ કરવામાં આવ્યો હતો.

### બાળકો માટે ચોકલેટ લેવા નીકળ્યા અને અકાળે મોત મળ્યું

# ખરસાલિયામાં 36 વર્ષીય યુવકની લાશ કૂવામાંથી મળી

ખરસાલીયા સ્ટેશન પાસે કૂવામાંથી શ્રમજીવીનો મૃતદેહ મળતા ચકચાર

(પ્રતિનિધિ) કાલોલ, તા.7
વેજલપુર નજીક ખરસાલીયા રેલવે સ્ટેશન પાસે આવેલા કૂવામાંથી એક શ્રમજીવી યુવાનનો મૃતદેહ મળી આવતા વિસ્તારમાં ચકચાર મચી ગઈ છે. મૃતક અલકાઈ નનુભાઈ કોન્દર (ઉંમર 36 વર્ષ) મૂળ મધ્યપ્રદેશના રાજનગર તાલુકાના ઝમટુલી ગામના વતની હતા. તેઓ હાલ જીતપુરા-ખરસાલીયા રેલવે સ્ટેશન વિસ્તાર નજીક રહી મજૂરી કામ કરીને પરિવારનું ગુજરાન ચલાવતા હતા. 3 માર્ચના રોજ બપોરે આશરે 1:30 વાગ્યે તેઓ પોતાના બાળકો માટે ચોકલેટ લેવા નીકળ્યા હતા, પરંતુ પરત ન ફરતા પરિવારજનો દ્વારા આસપાસ શોધખોળ કરવામાં આવી હતી. શુક્રવારે બપોરે ખરસાલીયા સ્ટેશન નજીક આવેલા કૂવામાંથી તેમનો મૃતદેહ મળી આવ્યો હતો. ઘટનાની જાણ થતા વેજલપુર પોલીસ ઘટનાસ્થળે પહોંચી હતી અને મૃતદેહને કૂવામાંથી બહાર કાઢી પોસ્ટમોર્ટમ માટે ખસેડવામાં આવ્યો હતો. મૃતકના કાકાના દીકરા નોનેલાલ બિરજુભાઈ આદિવાસી દ્વારા પોલીસને જાણ કરવામાં આવતા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

### દાહોદ જિલ્લાના ઇનામી બોરડી અને ચાકલીયા ગામે વાહન અકસ્માત સર્જાયો

# દાહોદ જિલ્લામાં અકસ્માતોનો સિલસિલો યથાવત : બે વૃદ્ધોના મોત

(પ્રતિનિધિ) દાહોદ, તા.7
દાહોદ જિલ્લામાં વાહન ચાલકોની ગફલત અને વાહનોની ક્ષમતા કરતા વધુ પડતી ઝડપને કારણે જુદી જુદી જગ્યાએ સર્જાયેલા ગમખ્વાર અકસ્માતના બે બનાવોમાં બે વૃદ્ધો કાળનો કોળિયો બન્યાનુ પોલીસ સૂત્રો દ્વારા જાણવા મળ્યું છે. પ્રાપ્ત વિગત અનુસાર દાહોદ જિલ્લામાં જુદી જુદી જગ્યાએ જુદા જુદા સમયે સજાયેલા ગમખ્વાર અકસ્માતના બૈબનાવો પૈકીનો એક બનાવ દાહોદ તાલુકાના ઈનામી બોરડી ગામે સ્મશાન આગળ રોડ પર રાત્રિના આઠેક વાગ્યાના સુમારે બનવા પામ્યો હતો. જેમાં એક અજાણ્યા વાહન ચાલકે તેના કબજાનું અજાણ્યું વાહન પુર ઝડપે અને ગફલત ભરી રીતે બેદરકારી પૂર્વક હંકારી લઈ આવી રોડની સાઈડમાં ચાલતા જઈ રહેલા દાહોદ તાલુકાના જુનાપાણી ગામના પટેલ ફળિયાના ૬૫ વર્ષીય મનુભાઈ કલજીભાઈ ડામોરને અડફેટમાં લઈ રોડ પર પાડી દઈ નાસી જતા સજાયેલા ગમખ્વાર અકસ્માતમાં શરીરે ગૌભીર ઈજાઓ થવા પામી હતી. ઘટનાની જાણ થતા જ કતવારા પોલીસ તાબડતોબ ઘટના સ્થળે દોડી ગઈ હતી અને ગંભીર ઈજાગ્રસ્ત ૬૫ વર્ષીય મનુભાઈ કલજીભાઈ ડામોરને સારવાર માટે દાહોદની ઝાયડસ હોસ્પિટલમાં ૧૦૮ મારફતે ખસેડવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમિયાન તેઓનું મોત નીપજ્યું હતું. જ્યારે જિલ્લામાં ગમખ્વાર અકસ્માતનો બીજો બનાવ ગુરુ ગોવિંદ લીમડી તાલુકાના ચાકલીયા ગામે કાર્તિક ઔરાવ હાઈસ્કૂલની નજીક રોડ પર બપોરના એક વાગ્યા ના સુમારે બનવા પામ્યો હતો જેમાં તે ફોરવીલ ગાડીનો ચાલક તેના કબજાની જીજે ૨૭ એક્સ ૨૪૫૯ નંબરની મહિન્દ્રાકંપનીની બોલેરો પીકપ ગાડી પૂરઝડપે અને ગફલત ભરી રીતે હંકારી લઈ આવી પગે ચાલતા પોતાની દુકાને જઈ રહેલા ચાકલીયા ગામના કાગલાખેડી ફળિયાના ૬૬ વર્ષીય દિતાભાઈ નરસિંગભાઈ ડામોરને પાછળથી જોશ ભેર ટક્કર મારી નાસી જતા તેઓને માથાના ભાગે તથા શરીરે ગંભીર જીવલેણ ઈજાઓ થતા તેઓનું સ્થળ પરજ કમ કમાટી ભર્યું નીપજ્યું હતું.

### હાઈ વોલ્ટેજ ડ્રામા સર્જાતા લોકટોળા ઘટનાસ્થળે ઉમટ્યા

# રાજગઢમાં પેટ્રોલપંપ પાસે યુવક હેવી લાઈનના વિજપોલ ઉપર ચડી ગયો



(પ્રતિનિધિ) હાલોલ., તા.2
ઘોઘંબા થી રાજગઢ તરફ જતા રોડ ઉપર કબીર પેટ્રોલિયમ પાસે ગઈકાલે બપોરે બે અઢી વાગ્યાના સમય એક યુવક પેટ્રોલ પંપની પાછળ ખેતરમાં આવેલ 11 કે.વી ની હેવી લાઇનની ઉપર ચડી અને બેસી ગયો હોવાની જાણ પેટ્રોલ પંપ ના સંચાલક મહમદ અલી ભાઈ મકરાણીને થતા તેઓ ચોકી ગયા હતા અને તાત્કાલિક તેઓએ સમય સૂચકતા વાપરી સૌપ્રથમ જીઈબી ઓફિસની અંદર જાણ કરી હતી અને વીજ પુરવઠો બંધ કરાવ્યો હતો. બનાવની જાણ થતા જ જી.ઈ.બી કચેરી ઘોઘંબાના ગોકુળભાઈ પરમાર સહિત ના કર્મચારીઓ તાત્કાલિક ઘટના સ્થળે દોડી આવ્યા હતા અને વીજ પુરવઠો બંધ કરી અને યુવકને ધ્યાન ભટકાવી બચાવવાના પ્રયાસો શરૂ કર્યા હતા. તે દરમિયાન રાજગઢ પોલીસને પણ બનાવની જાણ કરવામાં આવી હતી જેના પગલે રાજગઢ પોલીસના સ્ટાફના જવાનો દિનેશભાઈ રાઠવા, ધર્મેન્દ્રભાઈ ,સંજયભાઈ સહિત નો સ્ટાફ પણ ઘટના સ્થળે તાબડતોબ દોડી આવ્યા હતા અને યુવકને સમજાવવાના પ્રયાસો હાથ ધર્યા હતા.

## ગોધરાના લાલબાગ ટેકરી ગ્રાઉન્ડ ખાતે 'સ્વદેશી મેળા-2026'નો પ્રારંભ



(પ્રતિનિધિ) ગોધરા, તા.2
ગુજરાત સરકાર દ્વારા જાહેર કરાયેલા 'શહેરી વિકાસ વર્ષ - ૨૦૨૫'ની ઉજવણીના ભાગરૂપે, ગોધરા નગરપાલિકા દ્વારા સ્થાનિક કલા-કૌશલ્યને પ્રોત્સાહન આપવા માટે 'વોકલ ફોર લોકલ' અભિયાન હેઠળ 'સ્વદેશી મેળા - ૨૦૨૬' નું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે. આ મેળાનું ઉદ્ઘાટન ગોધરા શહેરના લાલબાગ ટેકરી ગ્રાઉન્ડ ખાતે મહાનુભાવોની ઉપસ્થિતિમાં સંપન્ન થયું હતું.
આ મેળાનો શુભારંભ લોકસભાના સાંસદ રાજપાલસિંહ જાદવ તથા ધારાસભ્ય સી.કે. રાઉલજી ના વરદહસ્તે કરવામાં આવ્યો હતો. આ પ્રસંગે શહેરના અગ્રણીઓ, નગરપાલિકાના પ્રમુખ, ચીફ ઓફિસર , વિવિધ સમિતિના ચેરમનો તેમજ સ્વસહાય જૂથોની બહેનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી હતી. સ્થાનિક સ્તરે તૈયાર થતી વસ્તુઓને વૈશ્વિક પ્લેટફોર્મ પૂરું પાડવાના હેતુથી આયોજિત આ મેળામાં વિવિધ સ્ટોલ્સ ઊભા કરવામાં આવ્યા છે, જેમાં હસ્તકલા અને હેન્ડીક્રાફ્ટ વણાટ અને કઢાઈ કામના આકર્ષક આર્ટિકલ્સ, શુદ્ધ અને ગુણવત્તાયુક્ત ઘરગથ્થુ ખાદ્યપદાર્થો,ગુજરાતની સંસ્કૃતિને છતી કરતા પરંપરાગત પોશાકો, સ્થાનિક ખેડૂતો અને જૂથો દ્વારા તૈયાર કરાયેલ કૃષિ આધારિત ચીજવસ્તુઓ સમાવેશ કરવામાં આવ્યો છે.

### હોળીના તહેવાર અન્વયે ટોપલી પ્રથાની ઉજવણી

# ખુલ્લેઆમ દારૂનો ઉપયોગ કરતા લોકોનો વીડીયો વાયરલ

**પિપલોદ** પોલીસે કાલીયાગોટા ગામે ત્રાટકી મહિલા સરપંચના પતિ સહિત ૮ની અટકાયત



(પ્રતિનિધિ) દાહોદ, તા.5
દેવગઢ બારીયાના કાલીયાગોટા ગામે હોળીના તહેવાર અન્વયે ગામની પરંપરા મુજબ ગામમાં ટોપલી પ્રથાની ઉજવણી દરમિયાન રોટ રિવાજ અનુસાર જુદા જુદા પ્રકારની વાનગીઓ, ઠંડા પીણાઓ તેમજ પરપ્રાંતીય બીયર તથા દારૂનો પૂજાવિધિમાં ઉપયોગ કરતા હોવાનો વિડિયો સોશિયલ મીડિયામાં વાયરલ થતા, એક્શનમાં આવેલ પીપલોદ પોલીસે ગણતરીના સમયમાં જ તે પૂજા વિધિમાં ઉપસ્થિત ગામના મહિલા સરપંચ ના પતિ સહિત કુલ આઠ જણાની અટકાયત કરી પોલીસ સ્ટેશનમાં લાવી તમામ વિરુદ્ધ પ્રોહીબિશનનો ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધર્યાનું જાણવા મળ્યું છે. દેવગઢબારિયા તાલુકાના પીપલોદ પોલીસ સ્ટેશનના હદ વિસ્તારમાં આવેલ કાલીયાગોટા ગામે તારીખ-૪-૩-૨૦૨૬ ના રોજ હોળીના દિવસે ગામના મહિલા સરપંચના પતિ ભાવસિંગભાઈ વીરાભાઈ હઠીયા તથા ગામના બીજા કેટલાક માણસો હોળીના તહેવાર અન્વયે ગામની પરંપરા મુજબ ગામમાં ટોપલી પ્રથાની ઉજવણી માટે ભેગા થયા હતા.